## પૂર્વભૂમિકા



ગુજરાતનો દરિયાકાંઠો ૧૬૦૦ કિલોમીટર લાંબો છે. કાંઠાની જમીનમાં ક્ષારનો પ્રવેશ અને તેનાથી જમીન અને પાણીના સ્રોત પર પડતી અસર અહીં ગંભીર સમસ્યા છે. અહીં પીવાના પાણીની તીવ્ર અછત વર્તાય છે અને પાણીની ગુણવત્તા એક મોટો પ્રશ્ન છે. અહીંના ભૂગર્ભજળમાં ટીડીએસનું પ્રમાણ ૨૦૦૦થીપણ વધુ ઊંચું છે જેને કારણે અહીં કીડની સંબંધિત તેમ જ અન્ય બીમારીઓ ગંભીર રીતે વધી રહી છે. પીવાના પાણીની સાથે સાથે અન્ય એક સમસ્યા છે તે છે આરોગ્યલક્ષી સ્વચ્છતા. ભારતના લગભગ ૬૫ ટકા ગ્રામીણ વિસ્તારો પૈકી દરિયાકાંઠામાં આરોગ્યલક્ષી સ્વચ્છતા પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી. સ્વચ્છતા જીવનની અતિઆવશ્યક જરૂરિયાત છે જેના લીધે માનવજીવન સ્વચ્છ અને સુરક્ષિત રહી શકે છે. પાણી અને સ્વચ્છતાને અવગણીને સામાજિક પ્રગતિ કરવી અશક્ય છે. નવી પહેલ અને નવી ટેક્નોલોજી ઉપરાંત સામાજિક સંસ્થાઓ આગળ આવી આ સમસ્યાનો ઉકેલ કાયમી ધોરણે લાવવાનો પ્રયત્ન કરે તે અત્યંત જરૂરી છે. આ બધું ધ્યાને લેતાં, દરિયાકાંઠાના વિસ્તારોની પીવાના અને વપરાશના પાણીની સમસ્યા દૂર કરવા તથા સ્વચ્છતાની સ્થિતિ કેળવવા માટે ખાસ વ્યૂહ રચના તૈયાર કરવાની તાતી જરૂર હતી.

## દરિયાકાંઠા વિસ્તાર વિકાસ કાર્યક્રમનો પ્રારંભ

ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારમાં પીવાના પાણી અને સ્વચ્છતાના ગંભીર મુદ્દા પર સઘન ચર્ચા કર્યા બાદ વૉટર અને સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો) અને કોસ્ટલ સેલિનિટી પ્રિવેન્શન સેલ (સીએસપીસી) બંનેએ મળીને પસંદ કરેલા દરિયાકાંઠાના જિલ્લાઓમાં દરિયાકાંઠા વિસ્તાર વિકાસ કાર્યક્રમ (કોસ્ટલ એરિયા ડેવલપમેન્ટ પ્લાન - સીએડીપી)ની શરૂઆત કરવાનો નિર્ણય લીધો છે. જેને સર રતન ટાટા ટ્રસ્ટ તથા કોનરેડ એન. હિલ્ટન ફાઉન્ડેશન દ્વારા નાણાકીય સહયોગ આપવામાં આવે છે.

આ કાર્યક્રમ ગુજરાતના દરિયાકાંઠાના ૯ જિલ્લાનાં ૩૦૦ ગામમાં શુદ્ધ પીવાના પાણી અને સ્વચ્છ આરોગ્યપ્રદ સ્થિતિ સુનિશ્ચિત કરવા શરૂ કરવામાં આવ્યો છે. આ જિલ્લાઓમાં અમદાવાદ, અમરેલી, આણંદ, ભરૂચ, ભાવનગર, જામનગર, જૂનાગઢ, પોરબંદર, રાજકોટ સામેલ છે. દરિયાકાંઠા વિસ્તાર વિકાસ કાર્યક્રમ એ લોકસમુદાયોના સાથમાં એસઆરટીટી, સીએસપીસી, વાસ્મો, નાગરિક સંસ્થાનો અને અમલીકરણ સહાયક સંસ્થાઓની સંયુક્ત પહેલ છે.

## કાર્યક્રમના હેતુઓ

- પાઇપ દ્વારા વિતરણ અને સ્થાનિક જળસ્રોતોના સંકલિત ઉપયોગથી પાણીની સલામતી ઊભી કરવી અને જળસ્રોતોનું સંવર્ધન કરવું
- સમુદાયોને સ્વચ્છતા જાળવવા, પર્યાવરણની સુરક્ષા કરવા અને આરોગ્યલક્ષી સ્વચ્છતા વિશે જાગૃતિ ફેલાવવા પ્રોત્સાહિત કરવા
- ગામમાં રહેતા લોકોની ભાગીદારીથી પાણી વિતરણની પહેલ કરવી, સ્વચ્છતા વધારવા લોકોનું ક્ષમતાવર્ધન કરવું
- અમલીકરણ સહાયક સંસ્થાઓ દ્વારા લોકોને વિવિધ પ્રકારની સુવિધાઓ મેળવવા માટે સહાયતા કરવી
- ગામલોકો દ્વારા સમસ્યાના સમાધાનનો પ્રયત્ન કરવો અને ટેક્નોલોજીનો ઉપયોગ કરી એકથી વધુ પાણી વિતરણના સ્રોત ઊભા કરવા
- પાણી મેળવવા અને સ્વચ્છતા જાળવવાના કાર્યક્રમોમાં દરેક વર્ગના લોકોની ભાગીદારી હોય તેમાંય ખાસ કરીને મહિલાઓ પણ સામેલ થાય અને તેઓ નિર્ણય લઇ શકે તેવા પ્રયત્નો કરવા

## સાફલ્યગાથા

### દરીઃ સેતુ બની સાથે કામ કરીએ

અનોખા ગામ દરીની આ વાત છે. વેરાવળ-જૂનાગઢ હાઇવે પર સ્થિત ૫૦૦૦ની વસતીવાળા ગામમાં ૬૦૦ મુસ્લીમ અને ૪૦૦ હિન્દુ પરિવારો વસે છે, જેઓ પરસ્પર પ્રેમની ડોરથી બંધાયેલા છે. ગામમાં સમસ્યા હોય તો માત્ર પીવાના પાણીની. ગામના સ્ટેન્ડપોસ્ટ સુધી સ્થાનિક પાણી પુરવઠા યોજનાનું પાણી મળે, પણ અપૂરતા પાણીને કારણે દર ઉનાળામાં પાણીને લીધે ઝઘડા થાય. લોકો ઝઘડાથી કંટાળી ગયા હતા. આ ગામમાં વર્ષ ૨૦૦૭થી આગા ખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત) દ્વારા વિવિધ કામ તો થતાં જ હતાં, ગામની પાણીની મુશ્કેલી જોઈને સંસ્થાએ વર્ષ ૨૦૦૯માં ગામલોકોને આ કાર્યક્રમ વિશે સમજ આપી. આ યોજનાની વાત ગામના બે મિત્રોને વિશેષ ગળે ઉતરી. ૨૫ વર્ષના આર્ટ્સ ગ્રેજ્યુએટ અને પંચાયત સભ્ય જગદીશ બામનિયા અને ૨૨ વર્ષના આઇટીઆઇ ગ્રેજ્યુએટ ફારુક હસન આકાનીએ સાથે મળીને ગામની પાણી સમસ્યાદૂર કરવાનું બીડું ઝડપ્યું. તેમણે ઉત્સાહપૂર્વક કામ શરૂ કર્યું અને ૨૦ ફળિયા મીટિંગ ભરી કાર્યક્રમ વિશે જાગૃતિ લાવવાનો પ્રયત્ન કર્યો. રૂપિયા ૧૭.૭૦ લાખના ખર્ચે શરૂ થનારા કાર્યક્રમ માટે બંને મિત્રોએ મુસલમાન અને હિંદુઓને ઘેર ઘેર જઇ ૩૫૦ ઘરોમાંથી લોકફાળો ઉઘરાવ્યો. આ બે મિત્રોની મહેનત, લોકોની સમજ અને કાર્યક્રમના માર્ગદર્શનથી આજે ગામમાં લગભગ ૧૦૦૦ ઘરોના આંગણે પાણી આવતું થયું છે.

### જાજસરના ધાનીબહેનઃ પડકારનો સામનો

કોહેઝન ફાઉન્ડેશન ટ્રસ્ટ (સીએફટી) માટે રાજકોટનું જાજસર ગામ એક પડકારરૂપ હતું. અનેક ફળિયા, ગામ મીટિંગ, તાલીમ વર્ગો, વ્યક્તિગત મીટિંગ અને ગ્રામ સભા કર્યા પછી પણ જોઇતું પરિણામ મળતું નહોતું. ગામના લોકો એકપણ પૈસો આપવા તૈયાર નહોતા. સ્વાભાવિક રીતે ૨૦૦૧માં આવેલા ધરતીકંપ પછી સરકારે તેમને દરેક કાર્યોમાં મદદ કરી હતી તેથી લોકોની અપેક્ષાઓ વધી ગઇ હતી. ગામનાં રહીશ ધાનીબહેને આશાના કાર્યકર્તા અને સીએફટીના કાર્યકર્તા તરીકે કામ કર્યું હતું. તેમને દાયણના કામનો પણ અનુભવ છે. ગામની સમસ્યા દૂર કરવા માટે ધાનીબહેને લોકોને ભેગાં કરવાનું કાર્ય શરૂ કર્યું. દરેકને ઘેર ઘેર જઇને તેમણે લોકોને સમજાવવાનું કાર્ય શરૂ કર્યું. ધાનીબહેનની સતત મહેનત અને લોકોને સમજાવવાની શક્તિથી લોકોને તેમની વાત સાચી લાગવા માંડી અને તેમણે પોતાનો લોકફાળો આપવાનું શરૂ કર્યું. આમ એકલાં ધાનીબહેનના પ્રયત્નોથી આખા ગામમાં સાચી સમજ કેળવી શકાઈ.

**અમલીકરણ સહાયક સંસ્થાઓ, પાણી સમિતિ અને ગ્રામ પંચાયત**

COASTAL SALINITY PREVENTION CELL
Kharash Vistarotthan Yojana


**કોસ્ટલ સેલિનિટી પ્રિવેન્શન સેલ**
૨૩, યોગાશ્રમ સોસાયટી, કેન્યુગ એપાર્ટમેન્ટ્સ સામે, શ્યામલ રોડ,
આંબાવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૧૫, ગુજરાત, ભારત.
ફોન : +૯૧-૭૯-૩૨૫૧ ૯૭૯૯, ફેક્સ : +૯૧-૭૯-૨૬૬૦ ૪૯૬૯
Email: info@cspc.org.in, Website: www.cspc.org.in


WASMO


**વૉટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઇઝેશન (વાસ્મો)**
ત્રીજો માળ, જલસેવા ભવન, સેક્ટર ૧૦-એ,
ગાંધીનગર - ૩૮૨ ૦૧૦, ગુજરાત, ભારત.
ફોન : +૯૧-૭૯-૨૩૨૪ ૭૧૭૦, ફેક્સ : +૯૧-૭૯-૨૩૨૪ ૭૪૮૫
Email: wasmo@wasmo.org, Website: www.wasmo.org


**સર રતન ટાટા ટ્રસ્ટ** **કોનરેડ એન. હિલ્ટન ફાઉન્ડેશન**

aalekhan.com

# પીવાના પાણી અને સ્વચ્છતા માટેના સંકલિત પ્રયાસો



**દરિયાકાંઠા વિસ્તાર વિકાસ કાર્યક્રમ**

## મુખ્ય પ્રવૃત્તિઓ



### પીવાના પાણીની સલામતી અને જળસ્રોત વ્યવસ્થાપન

પીવાનું પાણી દરેક વર્ગ સુધી પહોંચાડવા માટે સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ અને ગ્રામીણજનોના સહયોગથી પોસાય તેવી અને ગામની અંદર કાયમી વિતરણ વ્યવસ્થા કરવાની પહેલ કરવામાં આવી છે. સમિતિની રચના અને ક્ષમતાવર્ધન પછી જ કાર્યક્રમમાં આગળ ધપવામાં આવે છે. દરેક ગામમાં ૭૦ એલપીસીડી પાણી પુરવઠો, ૧૦ ટકા લોકફાળો અને ૩૦ વર્ષની અંદાજિત જરૂરિયાતને ધ્યાનમાં રાખીને યોજનાઓ વિકસાવવામાં આવી રહી છે.

જળસ્રોતોનું વ્યવસ્થાપન પ્રોજેક્ટનું મહત્ત્વનું અંગ છે. દરિયાકાંઠાનાં ગામોમાં સલામત પીવાનું પાણી પૂરું પાડવાની વ્યવસ્થામાં સપાટી પરના પાણીની ભૂમિકા મહત્ત્વની હોવાથી સ્થાનિક સ્રોતોને મજબૂત બનાવવાનું મહત્ત્વ વધી જાય છે. તે માટે ગામલોકો અને સમિતિ સ્થાનિક સ્રોત જેવાં કે કૂવા, તળાવ, બોરનું આયોજન કરી સ્વચ્છ પાણી મેળવે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

પીવાનું પાણી ગુણવત્તાયુક્ત મળે તે માટે ગામદીઠ પાણીગુણવત્તા ચકાસણી સમિતિનું ગઠન કરવામાં આવે છે. જેને ટેસ્ટિંગ કિટ તથા તેને વાપરવા માટે તાલીમ આપવામાં આવે છે.



### નવીન અભિગમોને પ્રોત્સાહન

સમગ્ર પ્રોજેક્ટના આયોજનમાં પીવાના પાણી અને સ્વચ્છતાની લાંબા ગાળાની સલામતી વિકસાવવા માટે નવીન અભિગમોને પ્રોત્સાહિત કરવા પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. ઉપરાંત, પ્રોજેક્ટનો અમલ કરવા માટે ગામલોકો પૂરતા સક્ષમ બને અને પાણી સમિતિના સભ્યોની ક્ષમતા વધે તે મુદ્દાને વિશેષ મહત્ત્વ આપાયું છે. પીવાનું પાણી અને સ્વચ્છતા ઘણે અંશે મહિલાઓને સ્પર્શતા મુદ્દા હોવાથી સમગ્ર આયોજન, અમલ અને જાળવણીમાં મહિલાઓ ભાગીદારી થાય તે માટે ખાસ પ્રયાસો કરવામાં આવે છે.

આ ઉપરાંત, ગામ સ્તરે શુદ્ધ પીવાના પુરવઠા માટે તેમ જ ઘન કચરાના વ્યવસ્થાપન માટે નવીન પ્રયાસોને કેટલાંક ગામોમાં પ્રાયોગિક ધોરણે અમલમાં મૂકીને તેના અનુભવોનું બીજાં ગામો સાથે આદાન-પ્રદાન કરવાનું પણ પ્રોજેક્ટમાં આયોજન છે.

## મુખ્ય પ્રવૃત્તિઓ



### આરોગ્યપ્રદ સ્વચ્છતા

આ કાર્યક્રમમાં પીવાના પાણીની સાથે સ્વચ્છ, આરોગ્યપ્રદ સ્થિતિ પર પણ ખાસ ભાર મુકવામાં આવ્યો છે. આ માટે વ્યક્તિ, ઘર અને ગામ વધુ સ્વચ્છ અને આરોગ્યપ્રદ બને તે તરફ ખાસ ભાર મુકવામાં આવે છે. આ માટેના અભ્યાસ અને આયોજનમાં ગામલોકોને સાંકળવામાં આવે છે.

વ્યક્તિગત સ્વચ્છતા તેમ જ ઘર સ્તરે શૌચાલય અને શાળા અને અન્ય જાહેર સ્થળોમાં સ્વચ્છતાની સુવિધાઓ ઊભી કરવા માટે સરકાર, સ્વૈચ્છિક સંસ્થા, કોર્પોરેટ સેક્ટર વગેરે સાથે સંકલન કરી નાણાકીય સહાય માટેની વ્યવસ્થા કરવામાં આવે છે.



### જનજાગૃતિ માટેના પ્રયાસો

આ કાર્યક્રમમાં વ્યક્તિગત અને ગ્રામ્ય સ્તરની સ્વચ્છતા માટે લોકોના માનસ પરિવર્તન પર ખાસ ભાર મૂકવામાં આવે છે. તે અંતર્ગત જનજાગૃતિ અભિયાન, લોકસંપર્ક, બાળકો અને મહિલાઓ સાથે કાર્યક્રમો વગેરે દ્વારા લોકોની મૂળભૂત આદતો સુધારવા માટે તાલીમો તેમ જ તજજ્ઞો દ્વારા માર્ગદર્શન તથા શૈક્ષણિક કાર્યક્રમો કરવામાં આવે છે. આ માટે ભીંતચિત્રો, સૂત્રો, ઓડિયો-વિડિયો સાધનોથી સજ્જ મોબાઇલ વાન, શેરી નાટક વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે.

### મુખ્ય સહયોગીઓ

- સ્થાનિક ગામલોકો, પાણી-સ્વચ્છતા સમિતિઓ
- અમલીકરણ સહાયક સંસ્થાઓ
- વૉટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઇઝેશન (વાસ્મો), ગુજરાત સરકાર
- કોસ્ટલ સેલિનિટી પ્રિવેન્શન સેલ
- સર રતન ટાટા ટ્રસ્ટ
- કોનરેડ એન. હિલ્ટન ફાઉન્ડેશન

### લક્ષ્ય

- **શુદ્ધ પીવાના પાણીની સલામતી**
  300 ગામોમાં
- **સ્વચ્છતાની સલામત પ્રણાલીઓ**
  ૨૫000 ઘરોમાં
- **સ્થાનિક જળસ્રોતોનું મજબૂતીકરણ**
  ૫0 જેટલાં 'નો સોર્સ' ગામોમાં

## કાર્યવિસ્તાર અને સહાયક સંસ્થાઓને ગામની ફાળવણી

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામોની સંખ્યા | અમલીકરણ સહાયક સંસ્થા |
|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | માલિયા | ૧૫ | કોહેઝન ફાઉન્ડેશન ટ્રસ્ટ |
| | | માલિયા | ૨ | પ્રોજેક્ટ ઇમ્પ્લિમેન્ટેશન યુનિટ - વાસ્મો, રાજકોટ |
| ૨ | જામનગર | ખંભાળિયા | ૧૩ | પ્રોજેક્ટ ઇમ્પ્લિમેન્ટેશન યુનિટ - વાસ્મો, જામનગર |
| | | ઓખા અને કલ્યાણપુર | ૧૫ | ટાટા કેમિકલ્સ સોસાયટી ફોર રુરલ ડેવલપમેન્ટ,મીઠાપુર |
| | | જામનગર | 30 | જે. વી. નરિયા ટ્રસ્ટ, જામનગર |
| 3 | પોરબંદર | પોરબંદર | ૧૫ | સૌરાષ્ટ્ર વોલન્ટરી એક્શન્સ, પોરબંદર |
| ૪ | જૂનાગઢ | કોડિનાર<br>સુત્રપાડા<br>ઉના | 30 | અંબુજા સીમેન્ટ ફાઉન્ડેશન, કોડિનાર |
| | | માલિયા<br>માંગરોળ<br>વેરાવળ | 30 | આગા ખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત) |
| ૫ | અમરેલી | જાફરાબાદ | 30 | વિવેકાનંદ રીસર્ચ એન્ડ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગર |
| | | રાજુલા | ૧૫ | પ્રોજેક્ટ ઇમ્પ્લિમેન્ટેશન યુનિટ- વાસ્મો, અમરેલી |
| ૬ | ભાવનગર | મહુઆ<br>તળાજા<br>ભાવનગર | 30 | પ્રોજેક્ટ ઇમ્પ્લિમેન્ટેશન યુનિટ - વાસ્મો, ભાવનગર |
| ૭ | અમદાવાદ | ધંધુકા | ૧૫ | માહિતી ગ્રામ વિકાસ સંસ્થા, ધોલેરા |
| | | ધંધુકા | ૧૫ | પ્રોજેક્ટ ઇમ્પ્લિમેન્ટેશન યુનિટ - વાસ્મો, ધંધુકા |
| ૮ | આણંદ | ખંભાત | ૧૫ | ફાઉન્ડેશન ફોર ઇકોલોજિકલ સિક્યુરિટી, |
| ૯ | ભરુચ | વાગરા<br>આમોદ | 30 | વિકાસ - સેન્ટર ફોર ડેવલપમેન્ટ, વાગરા |
| | કુલ | | ૩૦૦ ગામો | |

